सत्यमेव जयते

# રે.દિ.મુ. નં.પર/૨૦૨૪ ના કામે વાદીની આંક–૫ ની કામચલાઉ મનાઈ હુકમની અરજી લગત હુકમ.

---------------------------------------------------

વાદી તરફે : વિધ્વાન વકીલ શ્રી વી.વી.રાણવા.
પ્રતિવાદી નં.૧ તરફે : વિધ્વાન વકીલ શ્રી એસ.આર.ડોડીયા.
પ્રતિવાદી નં.૨ તરફે : વિધ્વાન વકીલ શ્રી પી.વી.ડાવરીયા.

---------------------------------------------------

(૧). આ કામે વાદીએ હાલનો દાવો દાખલ કરી સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ તથા સીવીલ પ્રોસીજર કોડની કલમ–૧૫૧ મુજબ આંક–૫ થી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨). હાલની અરજી વંચાણે લીધી. હાલની અરજી વંચાણે લેતાં, જુનાગઢ જીલ્લાના ભેસાણ તાલુકાના ચુડા ગામે જરૂરીયાતમંદ લોકોને રહેણાંક માટે મફત ૧૦૦ ચોરસ વારના પ્લોટ ફાળવેલ છે. પ્રતિવાદી નં.૨ એ હુકમ નં.તા.પં/ઘરથાળ /૫૪/૮૩–૮૪ થી તા.૦૭–૦૩–૧૯૮૪ના રોજ મફત પ્લોટ યોજનામાં ચુડા ગામના રહીશ બાલુભાઈ ચનાભાઈ મારૂને પ્લોટ નં.૩૦ ફાળવેલ. સદર પ્લોટ નં. ૩૦ ના ધારક બાલુભાઈ ચનાભાઈ મારૂએ ચુડા ગામના રહીશ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂને તા.૧૫–૧૨–૨૦૦૪ના રોજ વેચાણથી આપેલ અને આ અંગેનું લખાણ કરી આપેલ, ત્યારથી સદર પ્લોટ નં.૩૦ નો કબજો–ભોગવટો ગોવિંદ ભાઈ બીજલભાઈ મારૂ પાસે હતો. ત્યારબાદ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂએ સદર પ્લોટ નં.૩૦નું વેચાણ વાદીના માતૃશ્રી કેસરબેન ઉકાભાઈ મારૂ જોગ કરી આપેલ. ત્યારથી આ પ્લોટનો કબજો–ભોગવટો વાદી તથા તેમના કુટુંબીજનો ભોગવે છે.

આ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂ વાદીના નજીકના કુટુંબી અને વિશ્વાસુ હોય,તેથી કોઈ લખાણ કરાવેલ નહીં. પરંતુ ભવિષ્યમાં કુટુંબમાં કોઈ વાદ–વિવાદ ન થાય તે માટે વાદીને ગોવિંદભાઈ બીજલભાઈ મારૂએ તા.૦૫–૦૪–૨૦૨૩ના રોજ પ્લોટના વેચાણ અંગેનો લેખ નોટરાઈઝ કરી આપેલ. વાદી સદર પ્લોટ નં.૩૦ નો કબજો–ભોગવટો ૧૮ વર્ષથી ભોગવે છે, જેનો ઘરવેરો વાદીના માતૃશ્રી કેસરબેન ઉર્ફે લાભુબેન ઉકાભાઈ મારૂના નામનો વાદી ભરે છે. વાદીના માતૃશ્રીના બે નામ છે, કેસરબેન અને લાભુબેન, જે બન્ને એક જ વ્યકિત છે અને વાદી તેણીના કાયદેસર ના વારસ પુત્ર છે, તેમજ વાદીના બે ભાઈઓ, જયંતિભાઈ તથા કૈલાશભાઈ ઉર્ફે બાબુભાઈ પણ તેણીના વારસ પુત્રો છે, અને તેઓના કુટુંબના રહેણાંકના સમાવેશ માટે લાભુબેન ઉર્ફે કેસરબેને આ પ્લોટ મકાન સહીત ગોવિંદભાઈ બીજલ ભાઈ મારૂ પાસેથી રૂા.૨૩,૦૦૦/– અવેજ આપીને વેચાણ રાખેલ. ત્યારબાદ આ પ્લોટ નં.૩૦ ઉપરનું રહેણાંક મકાન વાદીના ભાગે આવેલ, વાદીના કુટુંબની સહીયારી મિલ્કતની વહેંચણી કરેલ અને ભાઈઓ ભાગ પડેલ ત્યારે આ રહેણાંક મકાન વાદીના હિસ્સામાં આવેલ. ત્યારથી આ મકાનનો કબજો–ભોગવટો વાદી ધરાવે છે.

**(૨.૧).** વધુમાં, વાદી તેઓની હાલની અરજીમાં વધુમાં જણાવેલ છે કે, આ ઘરથાળ પ્લોટ નં.૩૦ તેઓએ લીધેલ ત્યારે આ પ્લોટ તબદીલ થાય કે ન થાય તે અંગે તેઓને કોઈ માહિતી ન હતી, તેમજ તેઓ અભણ અને અજ્ઞાની છે. સદર મિલ્કતનો વેરો તેઓના માતૃશ્રીના નામનો ભરે છે તેમજ આ રહેણાંક મકાનમાં તેઓના પિતાશ્રી ઉકાભાઈ હાદાભાઈ મારૂના નામનું વિજ કનેકશન આવેલ છે. વાદીએ સદર પ્લોટ નં.૩૦નું રહેણાંક મકાન જુનું અને જર્જરીત થઈ ગયેલ હોય, જેથી રહેણાંક યોગ્ય બનાવવા માટે સુધારા–વધારા કરી નવું રહેણાંક મકાન બનાવેલ છે અને ૧૮ વર્ષ થી આ મકાનમાં રહેતા આવેલ છે. વાદીએ આ રહેણાંક મકાન ગોવિંદભાઈ બીજલ ભાઈ મારૂ પાસેથી લીધેલ અને ગોવિંદભાઈએ આ રહેણાંક મકાન/પ્લોટ બાલુ

ભાઈ ચનાભાઈ મારૂ પાસેથી રાખેલ. વાદીને આ પ્લોટના મુળ ધારક બાલુભાઈ ચનાભાઈ મારૂ સાથે કોઈ વેચાણ અંગેનો વ્યવહાર થયેલ નથી. આ તમામ હકીકત બાલુભાઈ ચનાભાઈ મારૂ જાણતા હોવા છતાં આ પ્લોટનો કબજો પરત લેવા માટે વાદી વિરૂધ્ધ પ્રતિવાદી નં.૩ સમક્ષ સત્યથી વેગળી રજુઆતો કરેલ અને વાદીને હેરાન–પરેશાન કરવાનું ચાલુ કરેલ અને પ્રતિવાદી નં.૨ ઉપર આ પ્લોટ પરત મેળવવા માટે વારંવાર રજુઆતો કરવા લાગેલ તેમજ વાદી વિરૂધ્ધ પણ અવાર નવાર ભેસાણ પો.સ્ટે.માં અરજીઓ કરેલ છે અને આ પ્લોટ બળજબરીપૂર્વક પડાવી લેવા માંગતા હોય, તે બાબતે અવાર–નવાર નિષ્ફળ થયેલ છે.

(૨.૨). વધુમાં, વાદી તેઓની હાલની અરજીમાં વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત વિગતે બાલુભાઈ ચનાભાઈ મારૂ ધ્વારા સદર પ્લોટ નં.૩૦ વાળી મિલ્કત તબદીલ કરી દેવાની હકીકત ચુડાની ગ્રામ પંચાયતના ઉપસરપંચના ધ્યાનમાં આવતાં, તેમણે આ પ્લોટ નં.૩૦ ખાલસા કરવા બાબતે તા.૦૫–૦૬–૨૦૨૩ની ગ્રામ સભાની બેઠકમાં મુદ્દો,મુકતાં, ગ્રામ સભા નં.૧ના ઠરાવ ક્રમાંક ૧૨ ની વિગતે આ પ્લોટનું વેચાણનું કૃત્ય શરતભંગનું કૃત્ય હોવાથી આ પ્લોટ ખાલસા કરવા અંગે ગ્રામ સભામાં ઠરાવ સર્વાનુમતે પસાર થયેલ અને આ પ્લોટ પ્રધાનમંત્રી આવાસ યોજના ના લાભાર્થીને ફાળવવાનું પણ સર્વાનુમતે આ ઠરાવથી નકકી કરવામાં આવેલ. આ ઠરાવ અન્વયે તાલુકા પંચાયત કચેરી–ભેસાણની લેન્ડ કમીટી ધ્વારા તા. ૦૬–૦૭–૨૦૨૪ના રોજ આ પ્લોટ નં.૩૦ વાળી મિલ્કત બાલુભાઈ ચનાભાઈ મારૂ ના નામેથી ખાલસા કરવાનું ઠરાવવામાં આવેલ. આ ઠરાવોની વાદીને કોઈ નકલ આપવામાં આવેલ નથી, પરંતુ વાદીને જાણવા મળેલ કે, ઠરાવ અને હુકમ મુજબ જે વાદીના કબજા–ભોગવટામાં પ્લોટ નં.૩૦ ઉપર જે રહેણાંક મકાન આવેલ છે તે પ્રતિવાદીઓએ રીવાઈઝડ પ્લાન કરી, પ્લોટ નં.૩૦ ને પ્લોટ નં.૪૦ તરીકે નવાક્રમે દર્શાવેલ છે. કુદરતી ન્યાયના સિધ્ધાંત મુજબ પણ આ પ્લોટનો કબજો–ભોગવટો છેલ્લા ૧૮ વર્ષથી વાદી ભોગવે છે અને ત્યારથી આ પ્લોટ ઉપરના રહેણાંક મકાન

માં વાદી તથા તેમનું કુટુંબ રહે છે. તા.૧૦–૦૬–૨૦૨૧ના રોજ તાલુકા પંચાયત કચેરી–ભેસાણની ઘરથાળ શાખાએ હુકમ નં.તા.પં./ઘરથાળ/લેન્ડ કમીટી/૪ ૪/૨૦૨૧–૨૨ થી લેન્ડ કમીટીની બેઠકમાં ૧૦૦ ચો.વાર મફત પ્લોટ ફાળવવા અંગેનો નિર્ણય કરેલ છે, જે મુજબ ક્રમ નં.૧૪ થી વાદીને પ્લોટ સોંપવાનો નિર્ણય કરેલ છે. તે મુજબ પણ વાદીને તેઓ હાલ જે પ્લોટ નં.૩૦ માં રહે છે તે રીવાઈઝડ પ્લાનમાં પ્લોટ નં.૪૦ નો પ્લોટ તેઓને ફાળવે તો પણ તેઓને ન્યાય મળે તેમ છે. તેથી પ્રતિવાદી નં.૨ (તાલુકા પંચાયત કચેરી) મારફત યોગ્ય કાર્યવાહી કરી, પ્રતિવાદી નં.૧ વાદીને હાલનો જે પ્લોટ છે તે જ પ્લોટ ફાળવે તેવી વાદીની માંગણી છે, જેથી તેઓને રહેવા અંગેનો કાયમી આશરો મળી રહે. વાદીના કબજાના પ્લોટ નં.૩૦ કે જેનો રીવાઈઝડ પ્લોટ નં.૪૦ છે તેમાં આવેલ વાદીના મકાન પાડીનાખવા ની નોટીસ આવતી રહે છે,જેથી વાદીને દહેશત છે કે,પ્રતિવાદીઓ વાદીના રહેણાંક મકાન દુર કરવા માંગે છે અને વાદીને ઘરવિહોણા કરી મુકે તેમ છે. જેથી વાદીને પોતાના રહેણાંક મકાનને પ્રતિવાદીઓ દુર ન કરે તે માટે હાલનો દાવો લાવવાની ફરજ પડેલ છે અને દાવો સાથે હાલની આંક–૫ની કામચલાઉ મનાઈહુકમ મેળવવા માટેની અરજી રજુ કરી, દાવાના આખરી નિકાલ સુધી દાવાવાળા વાદગ્રસ્ત પ્લોટ નં.૩૦ (રીવાઈઝડ પ્લોટ નં.૪૦)નો વાદીના કબજામાંથી પ્રતિવાદીઓ કે તેના એજન્ટો કે તેના માણસો અન્ય કોઈ આસામીને અન્ય રીતે તબદીલ કરે કરાવે નહીં કે અન્ય કોઈને વાદગ્રસ્ત પ્લોટનો કબજો સોંપે–સોંપાવે નહીં કે વાદીનો કબજો છોડે–છોડાવે નહીં અને વાદગ્રસ્ત પ્લોટ ઉપર જે મકાન આવેલ છે તે મકાન પ્રતિવાદીઓ દુર કરે–કરાવે નહીં તેવો દાવા અરજી ચાલતા સુધીનો કામચલાઉ મનાઈ હુકમ ફરમાવવા અને આનુસંગીક દાદ અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩). આ કામે પ્રતિવાદીઓને વાદીની દાવા અરજીનો સમન્સ તથા હાલની અરજીની નોટીસ કરતાં, પ્રતિવાદીઓ આ કામે હાજર થયેલ છે અને વાદીની દાવા અરજી તથા હાલની મનાઈ હુકમની અરજીનો પ્રતિવાદી નં.૧ નાએ આંક–૧૪ થી તથા

પ્રતિવાદી નં.૨ નાએ આંક–૧૬ થી પોતાના લેખીત વાંધા–જવાબ રજુ કરેલ છે. પ્રતિવાદીઓએ વાદીના દાવાની તથા આંક–૫ ની અરજીની મોટાભાગની હકીકતો નો ઈન્કાર કરેલ છે અને પ્રતિવાદી નં.૧ નાએ તેઓના વાંધા–જવાબમાં વિશેષમાં જણાવેલ છે કે, વાદીએ હાલના દાવામાં મટીરીયલ સપ્રેશન કરેલ છે અને ચોખ્ખા હાથે આવેલ નથી. વાદી દાવાવાળી મિલ્કતનું ટાઈટલ તથા માલીકી સબંધેના દસ્તાવેજો રજુ કરેલા નથી. વાદીના દાવાને નોન–જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે. વાદીએ પ્રથમથી જ ગેરકાયદેસર કૃત્ય આચરેલ હોય અને સરકારશ્રીના નિયમો નેવે મુકીને ગેરકાયદેસરના વેચાણના લેખો કરેલ છે. દાવાવાળો વાદગ્રસ્ત પ્લોટ બાબુભાઈ ચનાભાઈ મારૂને પ્રતિવાદી નં.૨ ધ્વારા નં.તા.પં./ઘરથાળ/૫૪/૧૯ ૮૩–૮૪, તા.૦૭–૦૩–૧૯૮૪ થી ફાળવવામાં આવેલ અને સદર દાવાવાળા પ્લોટની સનદ પ્રતિવાદી નં.૨ ધ્વારા બાબુભાઈ ચનાભાઈ મારૂને આપવામાં આવેલ, જેની શરતોનું બાબુભાઈ ચનાભાઈએ ચુસ્તપણે પાલન કરવામાં આવેલ હતું, પરંતુ બાબુભાઈ ચનાભાઈએ શરત નં.૪ તથા શરત નં.૬ નો ભંગ કરેલ છે. જેથી સરપંચશ્રી ધ્વારા તા.૦૫–૦૬–૨૦૨૩ની ગ્રામ સભામાં સદર પ્લોટ ખાલસા કરવાનું સર્વાનુમતે ઠરાવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ ધ્વારા પ્રતિવાદી નં.૨ ને તા.૧૮–૦૬–૨૦૨૪ના પત્રથી સદર પ્લોટ ખાલસા કરવા અને PMJY ના લાભાર્થીને ફાળવવા પત્ર મોકલેલ, જેથી લેન્ડ કમીટીની તા.૦૬–૦૭–૨૦૨૪ ની બેઠકમાં સદર પ્લોટ શરતભંગ બદલ ખાલસા કરવામાં આવેલ અને તા.૧૮–૧૧ –૨૦૨૪ ના રોજ પ્રતિવાદી નં.૧ ધ્વારા સ્થળસ્થિતિનું રોજકામ કરવામા આવેલ, જેમાં વાદી ગેરકાયદેસર બાંધકામ કરી રહેલ હોવાનું માલુમ પડેલ. જેથી મંજુરી વગર ગેરકાયદેસર બાંધકામ બંધ કરવા વાદીને નોટીસ આપેલ અને ત્યારબાદના નોટીસ વ્યવહારની હકીકત જણાવેલ છે. વધુમાં, વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો કોઈ પ્રકારનું નુકશાન નથી અને જો મનાઈ હુકમ આપવામાં આવે તો વાદીની ગેરકાયદેસર પ્રવૃતિને વેગ મળે અને સરકારશ્રીની જે જરૂરીયાત મંદ લોકોને મફત પ્લોટ ફાળવવાની યોજનાઓ છે તેમાં રૂકાવટ આવે અને જરૂરીયાત મંદ લોકો મફત

પ્લોટથી વંચિત રહી જાય. વાદીનો કોઈ પ્રાયમાફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી તેમજ વાદીને કોઈ ઈરીપેરેબલ લોસ થાય તેમ નથી. જેથી વાદીની અરજી રદ્દ કરવા અરજ કરેલ છે.

જયારે પ્રતિવાદી નં.ર નાએ તેઓના આંક–૧૬ થી રજુ વાંધા–જવાબમાં મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, દાવાવાળા વાદગ્રસ્ત પ્લોટનું વેચાણ પ્રથમથી જ નલ એન્ડ વોઈડ હોય અને પ્લોટના મુળ ધારક બાલુભાઈ ચનાભાઈને આવો કોઈ વેચાણ વ્યવહાર કરવાનો હકક–અધિકાર ન હોય, ત્યારે તે પ્લોટના સબંધમાં આનુસંગીક રીતે થયેલા ઉત્તરોત્તરના કોઈપણ વ્યવહારો પ્રથમથી જ ગેરકાયદેસર અને નલ એન્ડ વોઈડ છે, કાયદાથી રક્ષિત નથી. શરતભંગ થયેલ હોવાના કારણે દાવાવાળા પ્લોટનો કબજો સરકારશ્રીને સોંપવા પાત્ર છે. વાદીના ખુદના કથન મુજબ પણ વાદીનો આ પ્લોટ ઉપર કોઈ હકક કે અધિકાર નથી, તે રીતે પણ વાદીનો દાવો રદ્દ થવા પાત્ર છે. વધુમાં, કોઈપણ મિલ્કત ખરીદનાર વ્યકિતએ તે મિલ્કતનું ટાઈટલ કલીયર કરીને મિલ્કત ખરીદવાની પ્રાથમિક ફરજ છે. હાલની વાદવાળી મિલ્કત સરકારશ્રી ધ્વારા જમીન વિહોણા લોકોને ફાળવવામાં આવેલ ઘરથાળના પ્લોટની મિલ્કત છે, પ્લોટ ફાળવ્યાના હુકમની શરતો મુજબ પ્લોટના મુળ ધારક બાલુભાઈ ચનાભાઈને આ પ્લોટ અન્યને વેચવાની કે ભાડે આપવાની મનાઈ કરવામાં આવેલ છે, બાલુભાઈ સદર પ્લોટ તબદીલ કરવા હકકદાર ન હતા, તેથી તેને આનુસંગીક કોઈપણ વ્યવહાર કાયદેસરના નથી. વાદીનો કોઈ પ્રાયમા ફેસી કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં નથી તેમજ વાદી ને કોઈ ઈરીપેરેબલ લોસ થાય તેમ નથી. વાદીએ દાવાવાળો પ્લોટ કહેવાતા ખોટા લખાણો કરી અને શરતોનો ભંગ કરી ગેરકાયદેસર કબજો રાખેલ છે, વાદી આ પ્લોટ ખાલી કરવા જવાબદાર છે, જે વાંધા–જવાબની તમામ હકીકતો ધ્યાને લઈ, વાદીની હાલની અરજી ખર્ચ સહિત રદ્દ કરવા વિનંતી કરેલ છે.

(૪). વાદીની હાલની અરજી વંચાણે લીધી. આ કામે વાદી તરફે આંક–૪ ના લીસ્ટથી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે, તેમજ પ્રતિવાદી નં.૧ તરફે આંક–૧૫ ના લીસ્ટ થી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી નં.ર તરફે કોઈ દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી. આ કામે હાલની અરજી બાબતે વાદીના વિધ્વાન વકીલશ્રીની તથા પ્રતિવાદીઓના વિધ્વાન વકીલશ્રીની દલીલો સાંભળી. આ કામે સદર દાવાનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેવામાં આવેલ છે.

(૫). આ કામે વાદી તરફે આંક–૪ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે.

| ક્રમ | નિશાની | વિગત |
|---|---|---|
| ૧) | ૪/૧ | વાદગ્રસ્ત પ્લોટના મુળ ધારક બાલુભાઈ ચનાભાઈ મારૂએ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂને પ્લોટ વેચાણ આપ્યા ના લખાણની નકલ. |
| ર) | ૪/ર | વાદીના માતૃશ્રીએ ગોવિંદભાઈ બીજલભાઈ પાસેથી પ્લોટ લીધાના લખાણની નકલ. |
| ૩) | ૪/૩ | વિજ કનેકશનના બિલની નકલ. |
| ૪) | ૪/૪ | મકાન વેરાની પહોંચોની નકલ. |
| ૫) | ૪/૫ | પ્રતિ.નં.ર ની લેન્ડ કમીટીની તા.૧૦–૦૬–ર૧ના ઠરાવની નકલ. |
| ૬) | ૪/૬ | પ્રતિ.નં.૧ ની ગ્રામ સભામાં મુળ ધારક બાલુભાઈના નામેથી પ્લોટ રદ્દ કરવા આપેલ અરજીની નકલ. |
| ૭) | ૪/૭ | ગ્રામ સભાના તા.૦૫–૦૬–ર૦ર૪ના ઠરાવની નકલ. |
| ૮) | ૪/૮ | વાદીને તા.ર૯–૧૧–ર૪ના રોજ આપવામાં આવેલ નોટીસ ની નકલ. |
| ૯) | ૪/૯ | નોટીસના જવાબની નકલ. |
| ૧૦) | ૪/૧૦ | વાદીના આધારકાર્ડની નકલ. |

(૬). આ કામે પ્રતિવાદી નં.૧ તરફે આંક–૧૫ ના દસ્તાવેજી લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી આધારો રજુ થયેલા છે.

| ક્રમ | નિશાની | વિગત |
|---|---|---|
| ૧) | ૧૫/૧ | પ્રતિવાદી નં.૧ ધ્વારા કરવામાં આવેલ રોજકામ. |
| ૨) | ૧૫/૨થી૫ | પ્રતિવાદી નં.૧ ધ્વારા વાદીને અપાયેલ નોટીસો. |
| ૩) | ૧૫/૬ | પ્રતિ.નં.૨ એ પ્રતિ.નં.૧ ને મોકલેલ પત્ર. |
| ૪) | ૧૫/૭ | પ્રતિ.નં.૨ ની લેન્ડ કમીટીની બેઠકની કાર્યવાહી નોંધની નકલ. |

(૭). આ કામે રજુ થયેલ દસ્તાવેજો તથા બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લેતાં, સદરહું કામચલાઉ મનાઈ હુકમની અરજીના નિર્ણય માટે સામાન્ય રીતે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

મુદ્દા નં.૧. શું વાદી પોતાનો પ્રાઈમાફેસી કેસ પુરવાર કરે છે ?

મુદ્દા નં.૨. શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે ?

મુદ્દા નં.૩. જો માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન જાય તેમ છે ?

મુદ્દા નં.૪. શું હુકમ ?

(૮). આ કામે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી પુરાવો, બન્ને પક્ષની દલીલો અને હકીકતો આધારે ઉપરોકત મુદ્દાના જવાબો અને તારણો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧. નકારમાં,

મુદ્દા નં.૨. નકારમાં,

મુદ્દા નં.૩. નકારમાં,

મુદ્દા નં.૪. આખરી હુકમ મુજબ.

## **-: નિર્ણય માટેના કારણો :-**

**મુદ્દા નં.૧ થી ૪.**

(૯). આ કામે ઉપરોકત તમામ મુદ્દાઓ એકબીજા સાથે જોડાયેલ હોય, ન્યાયિક સરળતા ખાતર તમામ મુદ્દાઓની એક સાથે ચર્ચા કરવામાં આવેલ છે.

આ તબકકે આ અદાલતે સદર દાવાનો ન્યાયિક નિર્ણય કરવાનો નથી તે જ રીતે પક્ષકારોના હક અને અધિકાર નકકી કરવાના નથી, પરંતુ હાલની અરજીના નિર્ણયના તબકકે આ અદાલતે ઉપરોકત પેરા નં.૭ માં જણાવેલા તત્વો કયા પક્ષકાર ની તરફેણમાં છે, તે નકીક કરવાનું છે.

(૧૦). આ કામે વાદીની હાલની અરજીની હકીકત જોવામા આવે તો, વાદી જણાવે છે કે, દાવાવાળી મિલકત પ્રતિવાદી નં.ર એ હુકમ નં.તા.પં/ઘરથાળ/પ૪/૮૩-૮૪ થી તા.૦૭-૦૩-૧૯૮૪ના રોજ મફત પ્લોટ યોજનામાં ચુડા ગામના રહીશ બાલુ ભાઈ ચનાભાઈ મારૂને પ્લોટ નં.૩૦ ફાળવેલ. સદર પ્લોટ નં. ૩૦ ના ધારક બાલુ ભાઈ ચનાભાઈ મારૂએ ચુડા ગામના રહીશ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂને તા. ૧પ-૧ર-ર૦૦૪ના રોજ વેચાણથી આપેલ અને આ અંગેનું લખાણ કરી આપેલ, ત્યારથી સદર પ્લોટ નં.૩૦ નો કબજો-ભોગવટો ગોવિંદભાઈ બીજલભાઈ મારૂ પાસે હતો. ત્યારબાદ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂએ સદર પ્લોટ નં.૩૦નું વેચાણ વાદીના માતૃશ્રી કેસરબેન ઉકાભાઈ મારૂ જોગ કરી આપેલ. ત્યારથી આ પ્લોટનો કબજો-ભોગવટો વાદી તથા તેમના કુટુંબીજનો ભોગવે છે. જે સબંધે આ કામના વાદીએ નિશાની-૪/૧ થી ૪/૧૦ના દસ્તાવેજો રજુ કરેલ છે, જેમાં વાદીએ બાલુભાઈ ચનાભાઈ મારૂએ રૂા.પ૦/-ના સ્ટેમ્પ પેપર ઉપર લખી આપેલ લખાણ, નોટરી સમક્ષ રજીસ્ટર કરાવેલ વેચાણખત, ઈલેકટ્રીસીટી બિલની નકલ તેમજ પંચાયતનો વેરો ભર્યાની પાવતીની નકલ તેમજ વાદીને ગ્રામ પંચાયત ચુડા દ્વારા આપવામાં આવેલ નોટીસની નકલ રજુ કરેલ છે.

(૧૧). જયારે આ કામે પ્રતિવાદી તેમના આંક–૧૪ થી રજુ કરેલા જવાબમાં જણાવે છે કે, વાદી દાવાવાળી મિલ્કતનું ટાઈટલ તથા માલીકી સબંધેના દસ્તાવેજો રજુ કરેલા નથી. સદર દાવાવાળા પ્લોટની સનદ પ્રતિવાદી નં.ર ધ્વારા બાબુભાઈ ચનાભાઈ મારૂને આપવામાં આવેલ, જેની શરતોનું બાબુભાઈ ચનાભાઈએ ચુસ્તપણે પાલન કરવામાં આવેલ હતું, પરંતુ બાબુભાઈ ચનાભાઈએ શરત નં.૪ તથા શરત નં.૬ નો ભંગ કરેલ છે. જેથી સરપંચશ્રી ધ્વારા તા.૦૫–૦૬–૨૦૨૩ની ગ્રામ સભામાં સદર પ્લોટ ખાલસા કરવાનું સર્વાનુમતે ઠરાવેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ ધ્વારા પ્રતિવાદી નં.ર ને તા.૧૮–૦૬–૨૦૨૪ના પત્રથી સદર પ્લોટ ખાલસા કરવા અને PMJY ના લાભાર્થીને ફાળવવા પત્ર મોકલેલ, જેથી લેન્ડ કમીટીની તા.૦૬–૦૭–૨૦૨૪ની બેઠકમાં સદર પ્લોટ શરતભંગ બદલ ખાલસા કરવામાં આવેલ અને તા. ૧૮–૧૧–૨૦૨૪ના રોજ પ્રતિવાદી નં.૧ ધ્વારા સ્થળસ્થિતિનું રોજકામ કરવામાં આવેલ, જેમાં વાદી ગેરકાયદેસર બાંધકામ કરી રહેલ હોવાનું માલુમ પડેલ. જેથી મંજુરી વગર ગેરકાયદેસર બાંધકામ બંધ કરવા વાદીને નોટીસ આપવામાં આવેલ અને ત્યારબાદના નોટીસ વ્યવહારની હકીકત જણાવેલ છે. જે સબંધે પ્રતિવાદીએ નિશાની–૧૫/૧ થી ૧૫/૭ સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે, જેમાં તેઓએ ચુડા ગામના બાલુભાઈ ચનાભાઈ મારૂને મળેલ પ્લોટ નં.૩૦માં શરતભંગ થતો હોય અને આ પ્લોટ ઉપર દેવજીભાઈ ઉકાભાઈ મારૂ ધ્વારા ગ્રામ પંચાયત ચુડાની મંજુરી વિના બાંધકામ થતું હોય, જે અંગે આ બાંધકામ થતું અટકાવવા માટે દેવજીભાઈ ઉકાભાઈ મારૂને નોટીસ આપવા અંગેનું રોજકામ કરવામાં આવેલ છે, તેમજ આ અંગેની નોટીસની નકલ રજુ કરેલ છે, જે નોટીસ તા.૧૮–૧૧–૨૪, તા.૨૯–૧૧–૨૪, તા.૧૬–૧૨–૨૪ તેમજ તા.૨૩–૧૨–૨૪ના રોજની આપવામાં આવેલ છે. તે જ રીતે, સદરહુ પ્લોટ નં.૩૦ લેન્ડ કમિટીમાં ખાલસા અંગે થયેલ નિર્ણયની અમલવારી અંગેનું રોજકામ રજુ કરેલ છે, તે જ રીતે તાલુકા પંચાયત ભેંસાણની લેન્ડ કમિટીની બેઠકની કાર્યવાહીની લેખિત નોંધ આ કામે રજુ કરવામાં આવેલ છે.

(૧૨). આમ, વાદી અને પ્રતિવાદી બન્ને તરફે રજુ થયેલા ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેતાં એ હકીકત સ્પષ્ટ થાય છે કે, દાવાવાળો પ્લોટ નં.૩૦ પ્રતિવાદી નં.૨ના હુકમ નં. તા.પં/ઘરથાળ/પ૪/૮૩-૮૪ થી તા.૦૭-૦૩-૧૯૮૪ના રોજ મફત પ્લોટ યોજનામાં ચુડા ગામના રહીશ બાલુભાઈ ચનાભાઈ મારૂને પ્લોટ નં.૩૦ ફાળવેલ. સદર પ્લોટ નં.૩૦ ના ધારક બાલુભાઈ ચનાભાઈ મારૂએ ચુડા ગામના રહીશગોવિંદ ભાઈ બીજલભાઈ મારૂને તા.૧૫-૧૨-૨૦૦૪ના રોજ વેચાણથી આપેલ ત્યારથી સદર પ્લોટ નં.૩૦ નો કબજો-ભોગવટો ગોવિંદભાઈ બીજલભાઈ મારૂ પાસે હતો. ત્યારબાદ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂએ સદર પ્લોટ નં.૩૦નું વેચાણ વાદીના માતૃશ્રી કેસરબેન ઉકાભાઈ મારૂ જોગ કરી આપેલ. પરંતુ, પ્રતિવાદી તરફે રજુ થયેલા. ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેતાં, આ કામે દાવાવાળો પ્લોટ નં.૩૦ બાલુભાઈ ચનાભાઈ મારૂએ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂને વેચાણ આપેલ અને તેમ કરી, તેઓએ આ હુકમની શરતોનો ભંગ કરેલ અને તેના કારણે સરપંચશ્રી ધ્વારા તા.૦૫-૦૬-૨૦૨૩ની ગ્રામ સભામાં સદર પ્લોટ ખાલસા કરવાનું સર્વાનુમતે ઠરાવેલ અને તે અંગેની કાય"વાહી  કરવામાં આવેલ. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ ધ્વારા પ્રતિવાદી નં.૨ ને તા.૧૮-૦૬-૨૦૨૪ના પત્રથી સદર પ્લોટ ખાલસા કરવા અને PMJY ના લાભાર્થીને ફાળવવા પત્ર  કરવામાં આવેલ. જેથી લેન્ડ કમીટીની તા.૦૬-૦૭-૨૦૨૪ની બેઠકમાં સદર પ્લોટ શરતભંગ બદલ ખાલસા કરવામાં આવેલ અને તા.૧૮-૧૧-૨૦૨૪ના રોજ પ્રતિવાદી નં.૧ ધ્વારા સ્થળસ્થિતિનું રોજકામ કરવામાં આવેલ, જેમાં વાદી ગેરકાયદેસર બાંધકામ કરી રહેલ હોવાનું માલુમ પડેલ. જેથી મંજુરી વગર ગેરકાયદેસર બાંધકામ બંધ કરવા વાદીને નોટીસ આપવામાં આવેલ. જે નોટીસો વાદીએ આ કામે નિશાની-૪/૮ થી રજુ કરેલ છે, તેમજ નિશાની-૪/૬ થી વાદીએ ચુડા ગામના ઉપ સરપંચ ધ્વારા ચુડા ગ્રામ સભામાં પ્લોટ નં.૩૦ના મૂળ ધારક બાલુભાઈ ચનાભાઈ મારૂના નામેથી પ્લોટ રદ કરવા માટે અરજી આપેલી તે અરજીની નકલ આ કામે રજુ કરેલ છે, અને તલાટી કમ મંત્રી, ચુડા ગ્રામ પંચાયત ધ્વારા ગ્રામ સભાના ઠરાવ ૧૨ થી પ્લોટ

ખાલસા કરવા નકકી કરવામાં આવેલ, તે ઠરાવ આ કામે રજુ કરેલ છે. વધુમાં, વાદીએ આ સાથે પ્રતિવાદી નં.ર ધ્વારા પસાર કરવામાં આવેલ હુકમ નં.તા. પં./ઘરથાળ/૫૪/૧૯૮૩–૮૪, તા.૦૭–૦૩–૧૯૮૪ થી ફાળવવામાં આવેલ અને સદર દાવાવાળા પ્લોટ ની સનદ પ્રતિવાદી નં.ર ધ્વારા બાબુભાઈ ચનાભાઈ મારૂને આપવામાં આવેલ, તે હુકમની નકલ રજુ કરેલ છે, અને જે હુકમમાં ઠરાવ્યા મુજબ તેમાં જણાવેલ શરતોનું બાબુભાઈ ચનાભાઈએ ચુસ્તપણે પાલન કરવાનુ હતુ. પરંતુ બાબુભાઈ ચનાભાઈએ સદરહુ વાદગ્રસ્ત પ્લોટ ગોવિંદભાઈ બીજલભાઈ મારૂને વેચાણ આપી, અને ગોવિંદભાઈ બીજલભાઈ મારૂએ આ પલોટ વાદીના માતુશ્રી કેસરબેન ઉકાભાઈ મારૂને વેચાણ આપી, અને ત્યારબાદ વાદીએ આ પ્લોટ ઉપર ગ્રામ પંચાયતની કોઈપણ પ્રકારની પૂર્વપરવાનગી લીધા વિના બાંધકામ કરેલ, તેમ કરી આ કામે ઉપરોકત હુકમમાં ઠરાવેલ શરત નં.૪ તથા શરત નં.૬ નો ભંગ કરેલ હોવાનું પ્રથમદર્શનીય જણાઈ આવે છે. જેથી ઉપરોકત બન્ને પક્ષોના પ્લીડીંગ તેમજ રજુ થયેલા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં જયારે પ્રતિવાદી નં.ર ના ધ્વારા પસાર કરવામાં આવેલ હુકમ નં.તા.પં./ઘરથાળ/૫૪/૧૯૮૩–૮૪, તા.૦૭–૦૩–૧૯૮૪ માં ઠરાવેલ શરતોનો ભંગ થયેલ હોય ત્યારે તેવા સંજોગોમાં દાવાવાળી મિલ્કત સબંધે આ કામના પ્રતિવાદી સદર વાદગ્રસ્ત પ્લોટ નં.૩૦ સરકાર ખાલસા કરવા અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા હકકદાર બનતા હોય, ત્યારે તેવા સંજોગોમાં પ્રતિવાદીને તેમની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી શકાય નહીં. આમ જોતાં આ કામના વાદી ચોખ્ખા હાથે આવેલા નથી તેવું જણાઈ આવે છે. જેથી આ કામે વાદી તેમની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજીમાં જે દાદની માંગણી કરેલ છે તે દાદ મેળવવા પણ વાદી હકકદાર બનતા નથી.

(૧૩). આમ, ઉપરોકત સમગ્ર હકીકત ધ્યાને લેતાં, તથા બંને પક્ષોના પ્લીડીંગ્સ, રજુઆત તથા રેકર્ડ ઉપર રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, આ

કામે વાદીનો પ્રથમદર્શનીય કેસ જણાઈ આવતો નથી. સગવડતા–અગવડતા ની સમુતલા પણ વાદીની તરફેણમાં નથી અને હાલના કેસમાં વાદીને નાણાંમાં આંકી ન શકાય તેવું નુકસાન થાય તેમ નથી.

આમ, આ તમામ ચર્ચાનાં અંતે મુદ્દા નં.૧ થી ૩ નો નિર્ણય નકારમાં કરવામાં આવે છે અને વાદીની હાલની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી સબંધે, ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: <u>હુકમ</u> ::**

- વાદીની હાલની આંક–પ ની કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી આથી ના–મંજુર યાને રદ કરવામાં આવે છે.
- સદર અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજરોજ તા.૧૫ મી, માહે જુલાઈ, સને ૨૦૨૫ ના રોજ મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૦૭/૨૦૨૫.
મુ.ભેસાણ.

(જીતેશ જયેશકુમાર મોદી)
મુખ્ય સીવીલ જજ,
ભેસાણ.
કોડ નંબર–જી.જે.૦૧૩૯૧